જે આળશું છે તેને માટે જ ભગવાને આવતીકાલ સર્જી છે
- જાપાની કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૧ | ૧૧ જૂન, ૨૦૧૪, બુધવાર; જેઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

**● મહારાષ્ટ્રમાં ૪૪ ટોલનાકા બંધ કરાશે**

વિધાનસભા ચૂંટણી પહેલા જ એક મહત્વના નિર્ણયમાં મહારાષ્ટ્ર સરકારે ૪૪ ટોલનાકા બંધ કરવાની જાહેરાત કરી હતી. રાજ્યમાં લેવાતા રોડ ટેક્સ અંગે થતા વિરોધની પાશ્ચાદભૂમિમાં આ નિર્ણય લેવાયો હતો.

**● નવેમ્બરમાં વાઈબ્રન્ટ ઈન્ડિયા યોજવાની તૈયારીઓ**

વાઈબ્રન્ટ ગુજરાતની સફળતાએ નરેન્દ્ર મોદીને લોકપ્રિયતાની ટોચે બેસાડી દીધા હતા. હવે વડાપ્રધાન તરીકે તેઓ આ સફળતાને વાઈબ્રન્ટ ઈન્ડિયા સમિટ દ્વારા રાષ્ટ્રીય સ્તરે દોરહાવવા માંગે છે. મોટાભાગે નવેમ્બરમાં વાઈબ્રન્ટ ઈન્ડિયા સમિટ યોજી રોકાણકારોને આકર્ષવાનો પ્રયાસ કરી અર્થતંત્રમાં ચેતના અને તેજી લાવવાની નમોની ગણતરી છે.

**● ૩૨ વર્ષ બાદ બીગ-બી એ સ્ટંટ કર્યો**

બોલીવુડના પીઢ અભિનેતા અમિતાભ બચ્ચન આગામી દિવસોમાં પ્રથમ વખત એક ફિકશન શૉ માં જોવા મળશે. બીગ-બી એ શૉ ને લઈને ખુબ ઉત્સુક છે. આ શૉ માં તેમણે સ્ટંટ કર્યા છે. કુલી ફિલ્મમાં અમિતાભ બચ્ચને સ્ટંટ કર્યા ત્યારે તે ગંભીર રીતે ઘવાયા હતા. તે પછી તેઓને સ્ટંટ કરવાની ડૉક્ટરોએ મનાઈ ફરમાવી હતી.

# જિલ્લાના શિક્ષણ ક્ષેત્રે 'અચ્છે દિન આયે...'

## પ્રવેશોત્સવ નિમિત્તે પાંચ પ્રા. શાળામાં ગુરૂજી ઓન લાઈનથી શિક્ષણ અપાશે

ગાંધીનગર, તા. ૧૦

આગામી ૧૨મી જૂનથી જિલ્લામાં યોજાનાર શાળા પ્રવેશોત્સવને પગલે જિલ્લાની પાંચ શાળાઓ સ્માર્ટ સ્કૂલ બની ગુરૂજી ઓન લાઈન સોફ્ટવેરથી બાળકોને શિક્ષણ આપશે.

ગુરૂજી ઓન લાઈન સોફ્ટવેર સૌથી પહેલાં ગાંધીનગર તાલુકાની જમિયતપુરા પ્રા. શાળામાં વિકસાવવામાં આવ્યું હતું. ૨૦૧૩માં વિકસાવેલુ આ સોફ્ટવેર શિક્ષણ આપવામાં સરળ છે અને બાળકોને પણ પ્રિય છે.

આ સ્માર્ટ સ્કૂલની રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે મુલાકાત લીધી ત્યારે તેઓ ખુબ પ્રભાવિત થયા હતા અને તેમણે ધારાસભ્યો તેમની ગ્રાન્ટમાંથી રાજ્યની પ્રા. શાળાઓમાં આવુ સોફ્ટવેર ડેવલપ કરાવે તેવો આગ્રહ કરશે તેવી હૈયાધારણ પણ આપી હતી.

ગોવિંદભાઈ દ્વારા તૈયાર કરાયેલુ આ સોફ્ટવેર હવે ગાંધીનગર જિલ્લાની પાંચ શાળાઓમાં આગામી પ્રવેશોત્સવ દરમ્યાન કાર્યરત થશે. જેમાં કુડાસણ, રાજપુર, પાનસર, ઘનશ્યામનગર પ્રા. શાળા અને પહાડભાઈના મુવાડાની પ્રા. શાળાનો સમાવેશ થાય છે.

કુડાસણ સહિતની પાંચ પ્રા. શાળામાં આ સોફ્ટવેર કાર્યરત થવાનુ છે તેનો આનંદ આજે ગુણવંતભાઈની ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં સ્પષ્ટ દેખાતો હતો.

તેમના જણાવ્યા મુજબ એક જ કોમ્પ્યુટરમાં સમગ્ર સંકુલને આવરી લઈ થીન ક્લાયન્ટ ટેકનોલોજીની મદદથી દરેક વર્ગખંડમાં જુદા જુદા વિષયોનું અધ્યયન-પુનરાવર્તન અને સ્વ મૂલ્યાંકન કરાવી શકાય છે.

આ સોફ્ટવેરનું ઓપરેશન એટલુ સરળ છે કે બાળક પોતે પણ તેને ઓપરેટ કરી અને મનભાવન વિષય ભણી શકે છે.

શ્રી ગોવિંદભાઈના કહેવા મુજબ કોમ્પ્યુટર પ્રત્યેનો લગાવ હોવાથી ત્રિમંદિરના મોટાભાઈ રમેશભાઈ તથા ચૌબેલ નામના એક એન.આર.આઈ. એન્જીનીયર સાથે

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં પ્રવેશોત્સવ દરમિયાન ૩૦ લોકાર્પણ અને ૩૨ ભૂમિપૂજન યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ દરમ્યાન ૩૦ જેટલી શાળાઓમાં વિવિધ લોકાર્પણ તેમજ ૩૨ જેટલી શાળાઓમાં ભૂમિપૂજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ ૧૧ પ્રા. શાળાઓમાં ૨૧ જેટલા વર્ગખંડો જે નિર્માણ થઈ ચુક્યા છે તેનું લોકાર્પણ કરવામાં આવશે. તો ૧૯ જેટલી શાળાઓની કમ્પાઉન્ડ વોલનું કામ પણ પૂર્ણ થતાં આ સંકુલો સલામત બનશે અને તેનું લોકાર્પણ કરાશે.

આગામી શૈક્ષણિક સત્ર દરમ્યાન ૩૨ પ્રા. શાળામાં ૮૩ નવા વર્ગખંડો બનાવવાની કામગીરી હાથ ધરવાની હોવાથી તેના ભૂમિપૂજનના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લામાં ૧૦૦ થી વધુ પ્રા. શાળાઓ ૧૦૦ વર્ષ કરતાં પણ જૂની છે. તેમજ ઘણી બધી પ્રા. શાળાઓમાં વર્ગખંડોની ઘટ છે અને મરામત અને નિભાવણી માટે વિશેષ ધ્યાન આપવું જરૂરી છે.

જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી રાઠોડે જિલ્લાની પ્રા. શાળાઓ સુવિધાસભર બને તે માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. તેમણે આ પ્રવેશોત્સવની સાથે સાથે ગ્રીન સ્કૂલ અને સ્માર્ટ સ્કૂલોની સંખ્યા જિલ્લામાં વધે તે માટે વિશેષ આયોજન હાથ ધર્યા છે.

પ્રા. શિક્ષણને ગુણવત્તાસભર બનાવવાની સાથે સાથે ખાનગી પ્રા. શાળાઓનો ક્રેઝ લોકોમાં ઘટે તેવા પડકારને પહોંચી વળવા શિક્ષણ તંત્રને તેમણે નવી દિશા અને સામુહિક નેતૃત્વ વિકસાવવા કમર કસી છે.

જિલ્લામાં આ વર્ષે ૧૨ હજાર જેટલા બાળકોને પ્રવેશોત્વમાં આવરી લેવાના છે. ૧૦૦ ટકા નામાંકન થાય તે માટે તંત્રે તેની તમામ શક્તિઓ કામે લગાડી છે.



અનોખો લગ્નોત્સવ - મા-બાપની છત્રછાયા વિના 'બા'ના ઘરમાં ઉછરેલી રેશ્માનો લગ્નોત્સવ ભારે ધામધૂમથી કોબા ગામે ઉજવાયો... પચ્ચીસ-પચ્ચીસ વર્ષ સુધી પરિવાર વિના ઉછરેલી દીકરી પરિવારનો એક ભાગ બનવા જઈ રહી છે ત્યારે રેશ્માના મનમાં પણ કેટલીક ઉત્સુકતા, કેટલીક મુંઝવણ અને કેટલોક ઉમળકો ચહેરા પર છલકાય છે... કસ્તુરબા ટ્રસ્ટ અને સામાજિક સંસ્થાઓએ યોજેલો આ લગ્નોત્સવ લાગણીનો દરિયો બની ગયો હતો... આપણી સામાજિક લાગણીને સલામ છે... ગુજરાતનો આ લાગણીભર્યા સામાજિક સ્વભાવ વંદનીય છે... અભિનંદનીય છે...

**વિગતવાર અહેવાલ છેલ્લા પાને** (તસવીર : કશ્યપ નિમાવત)



ઉનાળુ વેકેશનની લાંબી રજાઓ બાદ શાળાઓ શરૂ થઈ જતા બાળકો પુનઃ પોતાના રેગ્યુલર શીડ્યુલમાં ગોઠવાતા જાય છે. જો કે સૌ પ્રથમ વખત શાળાએ જતા નાના ભૂલકાંઓ માટે આ નવું વાતાવરણ અચરજભર્યુ રહ્યું હતું. નવી સ્કૂલબેગ લઈ યુનિફોર્મ પહેરીને ક્લાસમાં બેઠેલા ભૂલકાંઓ આ નવા વાતાવરણને અપનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# આવતા સપ્તાહે ચોમાસુ ગુજરાતમાં પ્રવેશશે

ગાંધીનગર, તા. ૧૦

નૈઋત્ય ચોમાસુ ઝડપભેર આગળ ધપવા લાગ્યું છે. ચોમાસુ નબળુ રહેવાની હવામાન ખાતાની આગાહી વચ્ચે આવતા અઠવાડિયામાં મુંબઈ-ગુજરાતમાં તેનો પ્રવેશ થઈ જવાની શક્યતા છે.

નૈઋત્યનું ચોમાસુ કેરલ અને તામિલનાડુમાં બેસી ગયા બાદ કર્ણાટક તરફ આગેકૂચ કરી છે અને કર્ણાટક તેમજ આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ પડવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. કેરલ, લક્ષદ્વિપ અને તામિલનાડુમાં ભારે પવન ફુંકાશે અને બંદરો ઉપર ૩ નંબરના સ્થાનિક ભયસૂચક સિગ્નલો લગાવી દેવાયા છે. મહારાષ્ટ્રના વિદર્ભમાં આગામી ૪૮ કલાકમાં અંગ દઝાડતી ગરમીનું મોજું ફરી વળશે તેમજ ગુજરાતમાં પણ હજુ બે દિવસ હિટવેવ ચાલુ રહેવાની હવામાન ખાતાએ આગાહી કરી છે.

નૈઋત્યનું ચોમાસુ કેરલમાં શરૂ થયા બાદ કર્ણાટક અને આંધ્રપ્રદેશના કિનારા તરફ આગળ ધપ્યું છે. હવામાન ખાતાએ જારી કરેલા બુલેટીનમાં જણાવાયા અનુસાર, ચોમાસુ કેરલ અને તામિલનાડુ પાર કરી આંધ્રપ્રદેશ અને કર્ણાટકના કિનારા તરફ આગળ વધ્યું છે. આગામી ત્રણ દિવસો દરમ્યાન આંધ્રપ્રદેશના કિનારાના વિસ્તારોમાં ભારે વરસાદ પડશે. આ સમયગાળા દરમ્યાન ૫૦-૬૦ કિ.મી.ની ગતિએ પવન ફુંકાશે અને દરિયો તોફાની બનશે. માછીમારોને વિસ્તારમાં ન જવા સુચના આપવામાં આવી છે. આ સુચના કર્ણાટક, કેરાલા અને લક્ષદ્વિપ વિસ્તાર માટે જારી કરવામાં આવી છે. અને કર્ણાટક, કેરલ તેમજ લક્ષદ્વિપ વિસ્તારના તમામ બંદરો ઉપર સ્થાનિક ભયસુચક સિગ્નલ નં. ૩ ફરકાવવા હવામાન ખાતાએ સુચના આપી છે.

દરમ્યાન અરબી સમુદ્રમાં સર્જાયેલું પ્રેશર વેલમાર્ક લૉ પ્રેશરમાં પરિવર્તિત થયું છે અને તે ૧૨.૭ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૬૭.૮ ડિગ્રી પૂર્વ રેખાંશ તરફ સ્થિર થયું છે. આ પ્રેશર ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશા તરફ આગળ ધપી રહ્યું છે. જેની અસર હેઠળ સૌરાષ્ટ્રમાં હળવો વરસાદ પડે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

જ્યારે તામિલનાડુ, પાંડેચેરીના કિનારા વિસ્તારોમાં દક્ષિણ પશ્ચિમ દિશાએથી કલાકમાં ૪૫ થી ૫૫ કિ.મી.ની ગતિએ પવન ફુંકાશે અને દરિયો તોફાની બનશે. માછીમારોને દરિયામાં ન જવા સુચના આપવામાં આવી છે.

મહારાષ્ટ્રના વિદર્ભ તેમજ ગુજરાતના અનેક વિસ્તારોમાં આગામી એક દિવસ સુધી ગરમીનું મોજુ ચાલુ રહે તેવી સંભાવના હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. જ્યારે બાકીના બે દિવસો દરમ્યાન હળવો વરસાદ પડે તેવી આગાહી કરવામાં આવી છે. જો કે ગુજરાતમાં પાંચેક દિવસમાં ચોમાસાની એન્ટ્રી થાય તેવું વાતાવરણ સર્જાઈ રહ્યું છે.

## વારસાઈ એન્ટ્રીઓ માટે ૧૫ સપ્ટેમ્બર સુધી વિશેષ ઝુંબેશ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યના મહેસુલ વિભાગે છેલ્લા ઘણા સમયથી ટલ્લે ચડેલી વારસાઈ એન્ટ્રીઓ માટે ૧૫ સપ્ટેમ્બર સુધી વિશેષ ઝુંબેશ હાથ ધરવાના આદેશો જારી કર્યા છે. આ ઉપરાંત આ કામગીરીમાં થયેલી પ્રગતિ માટે મહેસુલ વિભાગે એક ખાસ મોનીટરીંગ સેલ પણ બનાવ્યો છે.

મહેસુલ વિભાગે કરેલા આદેશમાં પાંચ તબક્કામાં સમગ્ર ઝુંબેશ કરવાનું આયોજન કરવાનું જણાવ્યું છે. આ માટે ૩૦-૬-૨૦૧૪ સુધી તમામ વારસાઈ એન્ટ્રીઓ કેટલી પડતર છે તેની યાદી તૈયાર કરી તેનો અહેવાલ વિભાગને મોકલવા જણાવ્યું છે.

આદિવાસી વિસ્તારોમાં વિશેષ કાળજી લેવા માટે પણ આદેશમાં જણાવાયું છે તેમજ કલેક્ટરોને આ ઝુંબેશનું જિલ્લામાં અસરકારક મોનીટરીંગ કરવા પણ કહ્યું છે. કલેક્ટરોએ આ ઝુંબેશમાં મોનીટરીંગની સાથે સાથે નિકાલ ઝુંબેશ પણ જોવાની રહેશે.

જો કોઈ કિસ્સામાં વારસાઈના મુદ્દે તકરાર હોય તો તેનો એક જ માસમાં નિકાલ કરવાનો રહેશે.

● અનુસંધાન પાન-૭ પર






# કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની કુડાસણ આવે છે

## કુંડાસણ પ્રાથમિક સોળે શણગાર સજી રહી છે : તડામાર તૈયારીઓ ચાલી રહી છે



ગાંધીનગર, તા. ૧૦

કેન્દ્રના રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી સ્મૃતિ ઈરાની ગાંધીનગરના સીમાડે આવેલ કુડાસણ ખાતે શાળા પ્રવેશોત્સવમાં ભાગ લેવાના હોવાથી કુડાસણ પ્રા. શાળા અને ગામના રસ્તાઓ સોળે શણગાર સજી રહ્યા છે.

કુડાસણ પ્રા. શાળામાં કલરકામ, નાનુ મોટુ રિપેરીંગ તેમજ ગુરૂજી ઓન લાઈન શિક્ષણ માટે એક અલાયદો સર્વર રૂમ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

સિંગલ ટ્રેકનો રોડ જે ગામાં પ્રવેશે છે તેની આસપાસ માટીકામ થતા વાઈડનીંગ કરવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ગામમાં આ બધી કામગીરી પર સરપંચ શ્રી કાળુજી ઠાકોર તથા તલાટી શ્રી રામદાન ગઢવી અને યુવા કાર્યકરોની ટીમ રાત દિવસ એક કરી રહ્યા છે.

કુડાસણ પ્રાથમિક અને

● અનુસંધાન પાન-૭ પર

